પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૧૯ | ૧૯ ઓકટોબર, ૨૦૨૧, મંગળવાર; આસો સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ખેડૂતોના 'રેલ રોકો'થી ઉત્તર ભારત પ્રભાવિત

**ખીરી હિંસાના વિરોધમાં ખેડૂતોનું રેલ રોકો : ૫૦ ટ્રેનો પ્રભાવિત : લખીમપુર ખીરી હિંસામાં કેન્દ્રીય મંત્રીના રાજીનામાની ઉગ્ર માગ : ઉત્તર પ્રદેશ, હરિયાણા અને પંજાબમાં ખેડૂતોએ રેલ સેવા ખોરવી, મુસાફરો અટવાયા : ચુસ્ત બંદોબસ્ત વચ્ચે કોઈ અપ્રિય ઘટના ન બનતા તંત્રને રાહત**

નવી દિલ્હી, તા.૧૮

કેન્દ્રીય રાજ્ય મંત્રી (એમઓએસ) અજય મિશ્રા ટેનીને કેન્દ્રીય કેબિનેટમાંથી હટાવવાની માગણી સાથે ખેડૂતોના સંગઠનો દ્વારા દેશભરમાં છ કલાકનું 'રેલ રોકો' એલાન અપાયું હતું. ખેડૂત સંગઠનોનું આ આંદોલન સોમવારે સવારે ૧૦ થી સાંજે ૪ વાગ્યા સુધી ચાલ્યું. આ વિરોધ યુપી, પંજાબ અને હરિયાણામાં ટ્રેનોની અવરજવર ખોરવી નાંખે હતી, જેના કારણે મુસાફરોને અસુવિધા થઈ હતી. રેલવે સીપીઆરઓએ





કહ્યું છે કે આંદોલનને કારણે ઉત્તર રેલવે ઝોનમાં ૩૦ સ્થળો પ્રભાવિત થયા છે. તે જ સમયે, લખનૌ પોલીસે ચેતવણી આપી છે કે, ખેડૂતોના સંગઠનના રેલ રોકો આંદોલનમાં ભાગ લેનારાઓ સામે પોલીસ કાર્યવાહી કરશે. લખીમપુર ખેરી હિંસા કેસમાં કેન્દ્રીય મંત્રી અજય મિશ્રાના પુત્ર આશિષ મિશ્રા ટેનીની ધરપકડ કરવામાં આવી છે.

ઉત્તરપ્રદેશના એડીજી પ્રશાંત કુમારે કહ્યું કે બહારથી અધિકારીઓને પણ મહત્વના અને સંવેદનશીલ જિલ્લાઓમાં મોકલવામાં આવ્યા છે જેઓ સતત ખેડૂતોના સંગઠનો અને અન્ય નેતાઓ સાથે વાત કરી રહ્યા છે. ક્યાંય રેલ વ્યવહાર ખોરવાયો ન હતો, કેટલીક જગ્યાએ જ્યારે ટ્રેનો જતી ન હતી ત્યારે ખેડૂતોએ પ્રતીકાત્મક વિરોધ પ્રદર્શન કર્યા હતા. લગભગ ૧૬૦ કંપની પીએસસી અને ૯ કંપનીઓ અર્ધલશ્કરી દળ સ્થાપિત કરવામાં આવી હતી.

ખેડૂતોના સંગઠનોના રેલ રોકો આંદોલન અંગે રેલવે ડીસીપી

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીર બિહારીઓને સોંપો, પરિસ્થિતિ સુધરી જશે : માંઝી

**મોદી-અમિત શાહને આગ્રહ કરૂં છું કે, કાશ્મીરને સુધારવાની જવાબદારી બિહારીઓ પર છોડી દો : જીતન રામ માંઝી**

પટના, તા.૧૮

જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓ દ્વારા બહારના લોકોનું 'ટાર્ગેટ કિલિંગ' કરવામાં આવી રહ્યું છે તેને લઈ બિહારના પૂર્વ મુખ્યમંત્રી જીતન રામ માંઝીએ ટ્વિટ કર્યું છે. તેમણે લખ્યું હતું કે, પીએમ મોદી અને ગૃહ મંત્રી અમિત શાહ કાશ્મીરની જવાબદારી બિહારના લોકોને આપી દે અને તે લોકો ૧૫ દિવસોમાં સ્થિતિ સુધારીને દેખાડી દેશે.

ઉલ્લેખનીય છે કે, જમ્મુ કાશ્મીરમાં સેનાના એન્ટી ટેરર ઓપરેશનથી ઉશ્કેરાયેલા આતંકવાદીઓ એક બાદ એક બિન કાશ્મીરીઓને નિશાન બનાવી રહ્યા છે. દક્ષિણી કાશ્મીરના કુલગામ જિલ્લામાં રવિવારે આતંકવાદીઓએ બિહારના ૨ મજૂરોની હત્યા કરી દીધી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## જમ્મુ રેલવે સ્ટેશન પર વતન જવા શ્રમિકોની ભીડ

**જમ્મુ-કાશ્મીરમાં પ્રવાસી મજૂરો આતંકીના ટાર્ગેટ પર : મોટી સંખ્યામાં લોકો જમ્મુ રેલવે સ્ટેશનની ફૂટપાથ પર બેઠેલા છે અને સૌ વતન જતી ટ્રેનની રાહ જોઈ રહ્યા છે**

શ્રીનગર, તા.૧૮

જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓ દ્વારા પ્રવાસી મજૂરોને ટાર્ગેટ કરવામાં આવતા હોવાથી ભારે ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. અન્ય પ્રદેશોમાંથી ત્યાં કામ કરવા માટે પહોંચેલા લોકો હવે પલાયન કરવા માટે મજબૂર જણાઈ રહ્યા છે. કાશ્મીરમાં રવિવારે બિહારના ૨ પ્રવાસી મજૂરોની હત્યા કરવામાં આવી ત્યાર બાદ રેલવે સ્ટેશનોની સ્થિતિ બદલાઈ ગઈ છે. જમ્મુ રેલવે સ્ટેશન પર પ્રવાસી મજૂરોની ભારે ભીડ જોવા મળી રહી છે જેઓ પોતાના ઘરે પાછા ફરવા ઈચ્છે છે.

મોટી સંખ્યામાં લોકો જમ્મુ રેલવે સ્ટેશનની ફૂટપાથ પર બેઠેલા છે અને સૌ પોતપોતાના વતન જતી ટ્રેનની રાહ જોઈ રહ્યા છે. પોતાની સ્થિતિ વર્ણવતી વખતે કેટલાક મજૂરોની આંખમાં પાણી આવી ગયા હતા. ત્યાંના મજૂરોના બાળકો ભૂખના કારણે રોતા અને વિલાપ કરતા જોવા મળ્યા હતા. મજૂરોના કહેવા પ્રમાણે તેઓ કદી પાછા ઘાટી (કાશ્મીર)માં નહીં આવે કારણ કે, ત્યાં આતંકવાદીઓ ધમકી આપી રહ્યા છે અને ટાર્ગેટ કરીને હુમલા કરી રહ્યા છે.

પ્રવાસી મજૂરોના કહેવા પ્રમાણે તેમનો જીવ જોખમમાં છે

● અનુસંધાન પાન-૭ પર



## રામ રહિમ સહિત પાંચને આજીવન કેદ

**પૂર્વ ડેરા મેનેજર રંજીત સિંહની હત્યા કેસનો ચુકાદો : સીબીઆઈની વિશેષ અદાલત દ્વારા સજાના એલાન પહેલા હરિયાણાના પંચકૂલામાં સુરક્ષા કડક કરી દેવાઈ**

નવી દિલ્હી, તા.૧૮

ડેરા સચ્ચા સોદા પ્રમુખ ગુરમીત રામ રહીમને હત્યાના કેસમાં સીબીઆઈની વિશેષ કોર્ટે સોમવારે આજીવન કારાવાસની સજા સંભળાવી છે.

આ સિવાય ચાર અન્યને પણ આજીવન કેદની સજા સંભળાવવામાં આવી છે. રામ રહીમ અને અન્યને વર્ષ ૨૦૦૨માં પૂર્વ ડેરા મેનેજર રંજીત સિંહની હત્યાના કેસમાં ૮ ઓક્ટોબરે દોષી ઠેરવ્યા હતા. રામ રહીમ પર ૩૧ લાખ રૂપિયાનો દંડ પણ ફટકારાયો છે. સજાના એલાન પહેલા હરિયાણાના પંચકૂલા જિલ્લામાં સુરક્ષા વ્યવસ્થા કડક કરતા કલમ-૧૪૪ લાગુ કરી દેવાઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

## આર્મીના વિસ્તારો અને RSS નેતાઓ નિશાના પર

કોલકાતા, તા.૧૮

એક બાજુ જમ્મુ કાશ્મીરમાં આતંકી ઘટનાઓથી માહોલ ખરાબ કરવાની કોશિશ થઈ રહી છે ત્યાં પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI બીજું મોટું ષડયંત્ર રચી રહી છે. આ ષડયંત્ર હેઠળ આતંકીઓના નિશાને અસમમાં આર્મીના વિસ્તારો નિશાને છે. આ સાથે જ આતંકવાદીઓના નિશાને ઈજીજી ના નેતાઓ પણ છે.

મળતી માહિતી મુજબ ૧૬ ઓક્ટોબરના રોજ અસમ પોલીસને એક ઈન્ટેલ રિપોર્ટ મળ્યો છે. આ રિપોર્ટ મુજબ ISIના નિશાને આરએસએસ કેડર છે. આ ઉપરાંત આર્મીના વિસ્તારો પણ તેના નિશાને છે. આ ઈન્ટેલ રિપોર્ટમાં એવું પણ કહેવાયું છે કે IED વિસ્ફોટ કરવાનું પણ ષડયંત્ર રચાઈ રહ્યું છે. ISI ભીડભાડવાળા વિસ્તારો વિસ્ફોટ કરવાની ફિરાકમાં છે. આ ઉપરાંત ધાર્મિક સ્થળો પણ આતંકીઓના નિશાને છે. પોલીસે તેને લઈને અધિકૃત રીતે કઈ કહ્યું નથી પરંતુ સુરક્ષા વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને પૂરેપૂરી તૈયારીઓ કરાઈ છે.

**ફ્લેટ વેચવાનો છે**


સે.૧૪, બ્લોક નં. ૧૭/૧૯૪, MIG, 1BHK, ગ્રાઉન્ડ ફ્લોર, રીનોવેશન કરેલ, ગેસ લાઈન સાથે.

૩૨ લાખ ફીક્સ

શૈલેષભાઈ મહેતા

મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬



**અભિનંદન**

માણેકપુર ગામના શ્રી છત્રસિંહજી મગનસિંહજી બિહોલાને શ્રી બિહોલા રાજપૂત સમાજ, ગુજરાત રાજ્યના પ્રમુખ તરીકે વરણી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.

- શ્રી પૃથ્વીસિંહજી પી. બિહોલા - અધ્યક્ષ (રતનપુર)
- શ્રી દિલીપસિંહજી એ. બિહોલા - ઉપપ્રમુખ (ભાવડા)
- શ્રી કરણસિંહજી વી. બિહોલા - મહામંત્રી (મગોડી)
- શ્રી નટવરસિંહજી એસ. બિહોલા - અન્વેષક (રંગપુર)
- શ્રી ભીખુસિંહ બી. બિહોલા - સંગઠનમંત્રી (પાલજ)
- શ્રી બળવંતસિંહજી એન. બિહોલા - સહમંત્રી (ભાવડા)
- શ્રી કિરણસિંહજી એન. બિહોલા - કા. સભ્ય (ઈસનપુર મોટા)
- શ્રી કિરીટસિંહજી જી. બિહોલા - કા. સભ્ય (કડાદરા)
- શ્રી નાગેન્દ્રસિંહજી જી. બિહોલા - કા. સભ્ય (ગેડ)
- શ્રી પુષ્પેન્દ્રસિંહજી જી. બિહોલા - કા. સભ્ય (ઘંટિયાળા)
- શ્રી બહાદુરસિંહજી જે. બિહોલા - કા. સભ્ય (આંબલિયારા)
- શ્રી લાલસિંહજી એસ. બિહોલા - કા. સભ્ય (રતનપુર)
- શ્રી માનસિંહજી કે. બિહોલા - કા. સભ્ય (ઝાણું)
- શ્રી કનકસિંહજી જે. બિહોલા - કા. સભ્ય, કન્વીનર, યુવા સંગઠન (ડભોડા)
- શ્રી વિરેન્દ્રસિંહજી જે. બિહોલા - કા. સભ્ય, સહકન્વીનર, યુવા સંગઠન (પાલજ)
- શ્રીમતી અંતરકુંવરબા એ. બિહોલા - કા.સભ્ય, કન્વીનર, મહિલા સંગઠન (મગોડી)
- શ્રીમતી હેમાંગીનીબા આર. બિહોલા - કા.સભ્ય, સહકન્વીનર, મહિલા સંગઠન (ભાવડા)
- શ્રી ભૂપતસિંહ એચ. બિહોલા - કા.સભ્ય, (બિહોલા માંડવા, રાજસ્થાન)

નોંધ : આગામી સ્નેહ સંમેલન, દિવાળી બાદ અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના ગામ ભાવડા ખાતે રાખેલ છે.

શ્રી બિહોલા રાજપૂત સમાજ - ગુજરાત રાજ્ય (રજી. નં. એ/૭૩૮)

